# શ્રી જિનેન્દ્ર–સ્તવન

(રાગ–ગઝલ)

રસીલા ધર્મીનાં હૈડાં,
સંયમમાં અહર્નિશ રમતાં;
સલુણાં જિનનાં સ્વપ્નાં,
નજરથી ના જરી ખસતાં. રસીલા૦ ૧

આગમ જો હોય હૈડે તો,
બધીયે ઋદ્ધિ પાસે છે;
ખસે દૂર જો હૃદયથી એ,
જીવન આ શૂન્ય ભાસે છે. રસીલા૦ ૨

અસાર સંસારને માની,
જે વીતરાગને ધ્યાવે;
સકલ દૂરિત કરી હાનિ,
એ સિદ્ધિમાં સિધાવે છે. રસીલા૦ ૩

સમતા રસભરી મુદ્રા,
અહો જિન તુલ્ય ભાસે છે;
ધરીને ભાવથી વંદે,
જનમ નિસ્તાર તેને છે. રસીલા૦ ૪

પૂર્ણ આનંદને ધ્યેયે,
જે જિનરાજને ગાવે;
અમર આત્મ સુખનો ભોગી,
થઈ અમૃત સુહાવે છે. રસીલા૦ ૫

❑